(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].

Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૩૦૨/૨૦૧૩**
**આંક:– ૧૦૦**
**(શરૂ–૦૧:૨૪, પુર્ણ– ૦૨:૦૧)**

**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.* )ની જુબાની

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– પ્રવિણચંદ | પિતા/પતિનું નામ:– બાલકદાસ રામાનુજ |
| | ઉ.વ.:– ૬૭ |
| ધંધો:– નિવૃત પીએસઆઈ | સરનામુ:–હરીધ્વાર સોસાયટી, શેરી નં.પ રાજકોટ, તા.જી. રાજકોટ. |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) હું બનાવના અરસામા સુરેન્દ્દનગર પોલીસ સ્ટેશનમા પીએસઆઈ તરીકે ફરજ બજાવતો હતો દરમ્યાન તા.૧૬/૦૩/૨૦૧૩ના રોજ એસ.પી.શ્રી સુરેન્દ્દનગરના વાયરલેસ મેસેજ આધારે હળવદ પો.સ્ટે. ફર્સ્ટ ગુ.ર. નં.૨૪/૧૩, આઈપીસી કલમ–૪૨૦, ૪૮૫, ૪૮૬ વિગેરેના કામે આગળની તપાસ અમોને સંભાળવા માટે વાયરલેસ મેસેજથી હુકમ થતા તે આધારે તા.૧૭/૦૩/૨૦૧૩ના રોજ આ ગુનાની આગળની તપાસ અમોએ સંભાળેલ હતી જે વાયરલેસ મેસેજ હું આજ રોજ ઓળખી બતાવી રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૦૧** અને ત્યારબાદ અમોએ તપાસ સંભાળતા ફરીયાદી ધ્વારા કરવામા આવેલ લેખીત ફરીયાદ તથા તે ફરીયાદના આધારે હળવદ પો.સ્ટે.ના પી.એસ.ઓ. બી.આર.પરમારે આરોપી શીવમ સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝના કારખાનેદાર જીઆઈડીસી હળવદવાળા સામે ફરીયાદી મુરલીધર મોતીરામની કંપનીના રજીસ્ટર થયેલ આરટીસ્ટીક વર્ક દાંડી નમકની રંગીન નકલ કરાયેલ પોલીથીન બેગમા પેક કરાયેલ મીઠાનો જથ્થો ફરીયાદીની રજા પરવાનગી

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

કે લાયસન્સ વગર બજારમા મુકી પોતાના અંગત લાભ લેવા માટે ગ્રાહકોને છેતરવાના ઈરાદે ફરીયાદીની રજીસ્ટર કંપનીના નામે ડુપ્લીકેટ હલકી ગુણવત્તાવાળુ મીઠુ પેક કરી ફરીયાદીના કોપીરાઈટનો ભંગ કરી વેચાણ કરી ગુનો કરેલ જે બાબતની ફરીયાદ અમોએ તપાસના કામે મેળવી લીધેલ જે ફરીયાદમા ફરીયાદીની સહી છે જે હું ઓળખુ છુ અને જે ફરીયાદ અમોએ તપાસના કામે મેળવેલ તે જ છે જે રજુ દાખલ **આંક–૧૦૨.** ત્યારબાદ ફરીયાદી મુરલીધર મોતીરામ તથા પંચ મોમસિંહ રાજપુત તથા સુભાષકુમારને સાથે રાખી તા.૨૫/૦૨/૧૩ના રોજ પો.સ.ઈ. રાલેગાંવકરસાહેબે શીવમ સોલ્ટ ઈન્ડસ્ટ્રીઝ જીઆઈડીસી હળવદખાતે ફરીયાદીની માલીકીના દાંડી નમકના કોપીરાઈટનો ભંગ થતો હોય જેથી સ્થળ ઉપર જઈ તપાસ કરતા ત્યાં સ્થળ ઉપર દાંડી નમકના નમુનાના સીમ્બોલ તથા મટીરીયલ્સનો ખોટો ઉપયોગ કરી કરેલ ઉત્પાદનનો માલ એક કીલોના પ્લાસ્ટીકના પાઉચના બારદાનમા ભરેલ જોવામા આવેલ અને જે તપાસતા કુલ એક કીલો મીઠુ ભરેલ બેગ નંગ–૨૬૫૦ જેની કીંમત રૂા.૩૭૧૦૦/– પંચોની સહીવાળી કાપલી ચોડી તપાસઅર્થે કબજે કરેલ અને ખાલી બેગ નંગ–૯૨૦૦ જેની કીંમત રૂા.૫૫૨૦૦/– તથા બારદાન નંગ–૮૯૮૬ જેની કીંમત રૂા.૧૭૮૨૫/– ગણી પંચનામાની વિગતે પોસઈ રાલેગાંવકરસાહેબે કબજે કરેલ અને જે અંગેનુ પંચનામુ પંચોની હાજરીમા પંચોના લખાવ્યા મુજબ લખી લઈ મુદામાલ કબજે કરેલ અને પંચોની સહી લીધેલ અને રૂબરૂ તરીકે રાલેગાંવકરસાહેબે સહી કરેલ જે પંચનામુ આમોએ તપાસના કામે મેળવેલ તે જ છે જે પંચનામુ રજુ દાખલ **આંક–૧૦૩.** ત્યારબાદ તપાસના કામે પોસઈ એ.પી.પટેલે ફરીયાદીનુ વિશેષ નીવેદન નોંધેલુ અને ત્યારબાદ સદરહું ગુનાના કામે  અમોએ કોપીરાઈટ હેઠળ દાંડી નમક કંપીનીનું રજીસ્ટ્રેશન થયેલ હોય જે અંગે અમોએ કોપીરાઈટ ઓફીસ દિલ્લીખાતે જઈ તપાસ કરેલ અને તા.૧૯/૦૪/૧૩ના રોજ અમોએ લખીત અરજી આપેલ જેની નકલ આજરોજ રજુ કરુ છુ જેમા મારી સહી

હું ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ **આંક–૧૦૪.**

આ તબકકે રીશેષ સમય થતા સબબ કામ વધુ સરતપાસ માટે મુલતવી.

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૧૦/૦૩/૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

**ફો.કેસ નં. :– ૩૦૨/૨૦૧૩**
**આંક:– ૧૦૦**
**(શરૂ–૦૨:૪૦, પુર્ણ– ૦૩:૫૨)**

**ફરી સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે પ્રવિણચંદ્ર બાલકદાસ રામાનુજની વધુ સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૨) ત્યારબાદ કોપીરાઈટ ઓફિસ તા.૨૨/૦૪/૧૩ના રોજ અમોને ઈન્ડોબ્રાઈન દાંડી નમકને રજીસ્ટ્રેશન નં.એ/૮૮૩૨૪ તથા ૮૮૩૨૫/૨૦૧૦થી તા.૧૬/૦૪/૧૦ના રોજ કોપીરાઈટ આપવામા આવેલ જે પત્ર આજરોજ રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૦૫.** આજરોજ રજીસ્ટ્રેશન નં.એ/૮૮૩૨૪ તથા ૮૮૩૨૫/૨૦૧૦વાળા કોપીરાઈટ સર્ટીફીકેટની પ્રમાણીત નકલ તથા ઈન્ડોબ્રાઈન દાંડી નમકની કોપીરાઈટ કરેલ પ્રમાણીત નકલ આજરોજ રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૦૬ થી આંક–૧૦૯.** ફરીયાદીએ તેઓના નમક પેકીંગના પાઉચની પ્રીન્ટ નકલ બે તથા આરોપીએ ઉપયોગમા લીધેલ પાઉચની પ્રીન્ટ નકલ એક તપાસના કામે રજુ કરેલ જે આજરોજ રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૧૦ થી આંક–૧૧૨.** આરોપી ગોપાલભાઈએ અમોની રૂબરૂ વી.ડી. એન્ટરપ્રાઈઝનુ જોબવર્ક બાબતેનો રૂપીયા વીસના સ્ટેમ્પ ઉપર કરેલ લખાણ તથા તેઓને સક્ષમ અધીકારી ધ્વારા પરમીશન આપવામા આવેલ જેની નકલ રજુ કરેલ જે આજરોજ કોર્ટમા રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૧૩ અને આંક–૧૧૪.** આરોપી સંજયભાઈ ભટ્ટ તથા વી.ડી. એન્ટરપ્રાઈઝના માલીક મીતેશભાઈ સુબા વચ્ચે રૂપીયા સો ના સ્ટેમ્પ પેપર ઉપર એગ્રીમેન્ટ થયેલ જે એગ્રીમેન્ટ આરોપી મીતેશભાઈએ તપાસના કામે અમોના રૂબરૂ રજુ કરેલ જે આજરોજ કોર્ટમા રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૧૫.** વી.ડી.એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર મીતેશભાઈ સુબાએ દાંડી

નમકની પ્લાસ્ટીકની બેગ છપાવવા માટે સાબર ફ્લેક્સ ઈન્ડસ્ટ્રીઝ ઘાણધા ગામ તા. હીંમતનગર સાથે તા.૧૩/૧૦/૧૨ના રોજ ઓથોરીટી આપેલ તથા સાબર ફ્લેક્સ ઈન્ડસ્ટ્રીઝનો ભાગીદારી દસ્તાવેજની ખરીનકલ તથા વી.ડી.એન્ટરપ્રાઈઝના એકાઉન્ટની નકલ તથા શીવમ સોલ્ટ હળવદ તથા વી.ડી.એન્ટરપ્રાઈઝને ઈ–મેલ કરેલ જે સાહેદ ચંદ્રકાંતભાઈ હરીભાઈ પટેલ ેઅમોના રૂબરૂ રજુ કરેલ જે અમોએ તપાસના કામે મેળવેલ જે આજરોજ કોર્ટમા રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૧૬ થી આંક–૧૨૦.** આરોપી મીતેશભાઈએ સાબર ફ્લેક્સ ઈન્ડસ્ટ્રીઝમા પ્લાસ્ટીકની બેગ ઉપર પ્રીન્ટીંગ કરાવેલ જેનુ બીલ અમોએ તપાસના કામે મેળવેલ જે બીલ આજરોજ કોર્ટમા રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૨૧.** આરોપી ગોપાલભાઈ દ્વારા તેઓની જયલાલ એન્ટરપ્રાઈઝ હળવદની પેઢીનુ વી.ડી.એન્ટરપ્રાઈઝ જુનાગઢના લેઝર એકાઉન્ટની નકલ પેજ–૧૫, તેઓની સહી કરીને અમોની રૂબરૂ તપાસના કામે રજુ કરેલ જે આજરોજ કોર્ટમા રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૨૨.** ફરીયાદી મુરલીધરભાઈએ ઈન્ડોબ્રાઈન ઈન્ડસ્ટ્રીઝનો ઓથોરીટી લેટર તપાસના કામે રજુ કરેલ જે આજરોજ હું કોર્ટમા રજુ કરુ છુ જે રજુ દાખલ **આંક–૧૨૩.** ત્યારબાદ અમોએ તપાસના કામે આરોપી સંજય ગોકુલનાથ ભટ્ટ રહે. લોખંડવાલા, મુંબઈવાળાને તા.૨૯/૦૫/૧૩ના રોજ કલાક ૦૯/૧૫ વાગ્યે ધોરણસર અટક કરી તેઓના રીમાન્ડ મેળવેલ અને ગોપાલભાઈ બાબુભાઈ ઠકકર રહે.હળવદવાળાને તથા મીતેશ વ્રજલાલ સુબા ઠકકર રહે. જુનાગઢવાળાને તા.૧૧/૦૬/૧૩ના રોજ કલાક૧૧/૧૦ તથા કલાક ૧૩/૨૦ વાગ્યે ધોરણસર અટક કરેલ. ત્યારબાદ તપાસના કામે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરેલ. ફરીયાદી મુરલીધરભાઈ તથા સાહેદ સત્યનારાયણભાઈ મરણ ગયેલ છે તથા પંચ મોમસિંહ તથા સુભાષકુમાર તપાસ કરવા છતા મળી આવેલ નથી. સાહેદ એન.બાબુસાહેબ ટ્રેડમાર્ક ઓફિસ અમદાવાદ તથા ડોકટરશ્રી સુરેશચંદ્ર કોપીરાઈટ ઓફિસ નવી દિલ્લી તથા

એસ.બી.પાલો સાહેબ ટ્રેડમાર્ક ઓફિસ અમદાવાદવાળાઓ પાસેથી મે કોપીરાઈટ તથા ટ્રેડમાર્કના ડોકયુમેન્ટસ મેળવેલ છે, તેઓના નીવેદન અમોની રૂબરૂમા લેવામા આવેલ નથી. મને પ્રથમ માહીતી અહેવાલનુ ફોમ બતાવવામા આવે છે જેમા પીએસઓ બી.આર.પરમારની સહી છે જે હું ઓળખુ છુ જે રજુ દાખલ **આંક–૧૨૪.** આરોપીઓને જોયે ઓળખુ છુ જે આજરોજ કોર્ટમા હાજર નથી. આરોપી નં.ર અને ૩ તરફે મુકતી રીપોર્ટ છે. ઓળખ અંગે તકરાર નથી. આરોપી નં.૧ મળી આવતા ન હોય તેઓની વિરૂઘ્ધ સી.આર.પી.સી. કલમ–ર૯૯ મુજબનો ઓર્ડર કરવામા આવેલ છે. તેમને જોયેથી હું ઓળખુ છુ.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એમ.એમ.વાઘેલા**

(૩) એ વાત ખરી છે કે મારી રૂબરૂમા કોઈ ગુનો દાખલ કરવામા આવેલ નહી. એ વાત ખરી છે કે મારી રૂબરૂમા કોઈ ફરીયાદ લેવામા આવેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદમા ફરીયાદીએ પંચોના કોઈ નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી તપાસ દરમ્યાન હાલના કોપીરાઈટ ટ્રેડમાર્ક (દાંડી નમક) અંગે નામ. હાઈકોર્ટ તથા નામ.સુપ્રિમ કોર્ટમા કેસો પેન્ડીંગ હોવાની હકીકતો પણ ખુલેલી. એ વાત ખરી છે કે કોપીરાઈટ ટ્રેડમાર્ક દાંડી નમક સબબ ઈન્ટલેકચુલ પ્રોપર્ટી બોર્ડમા સ્ટે આપવામા આવેલ, તેવી હકીકત મારી તપાસમા ખુલેલ. એ વાત ખરી છે કે તે સમયે ઈન્ડોબ્રાન્ડ કંપની વચ્ચે ટ્રેડમાર્ક અંગેનો વિવાદ ચાલુ હતો. એ વાત ખરી છે કે તે સબંધે પણ નામ.કોર્ટોમા કેસો ચાલુ હતા. એ વાત ખરી નથી કે ટીમ ઈન્ડીયાના ડાયરેકટર સંજય ભટ્ટ દાંડી નમકના પ્રોડકશન બાબતે હળવદના શીવમ સોલ્ટને એગ્રીમેન્ટ કરી આપેલ. એ વાત ખરી નથી કે દાંડી નમકની થેલી બજારમાંથી સહેલાઈથી મળે તેવી વ્યવસ્થા પણ સંજય ભટ્ટે કરી આપેલી. એ વાત ખરી છે કે ફરીયાદીએ ફરીયાદ સાથે દાં ડી નમક સબંધે રજીસ્ટ્રેશન ટ્રેડમાર્ક મેળવેલ હોય અને તે રજીસ્ટ્રેશન ટ્રેડમાર્ક ફરીયાદ દાખલ કરતા સમયે રજુ રાખેલ ન હતો. એ વાત ખરી છે કે સુરેન્દ્

નગરખાતે પણ દાંડી નમકના કોપીરાઈટ અંગે ફરીયાદ દાખલ થયેલી હતી. એ વાત હાલ મને યાદ નથી કે ટીમ ઈન્ડીયાના ડાયરેકટર સંજય ભટ્ટને આરોપી તરીકે દર્શાવવામા આવેલ કે કેમ. એ વાત ખરી છે કે પંચનામુ મારા રૂબરૂ કરેલ નથી. એ વાત ખરી નથી કે સાહેદના નિવેદનો, ફરીયાદીના વિશેષ નિવેદન તેમના લખાવ્યા મુજબ નહી પરંતુ જાતે લખી લીધેલ છે. એ વાત ખરી નથી કે આરોપીઓએ કોઈ કોપીરાઈનો ભંગ કરેલ ન હોવા છતા તેઓ સામે હાલની ખોટી ફરીયાદ દાખલ કરી ખોટી તપાસના આધારે પુરતા પુરાવા ન હોવા છતા પણ ખોટુ ચાર્જશીટ દાખલ કરેલ છે. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૧૦/૦૩/૨૬.**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

*એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*